લોકસત્તા જનસત્તા

તા. ૧૨.૦૯.૨૦૨૪

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકીનો એક વધુ એક પ્રોજેક્ટ તેમના જન્મદિવસે સાકાર થશે

# ૧૭મી સપ્ટેમ્બરથી અમદાવાદથી ગાંધીનગર સુધી મેટ્રો દોડશે



## હાલમાં ગાંધીનગરના ચ-૨ સેક્ટર-૧ સુધી મેટ્રો રુટ ચાલશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકીનો એક વધુ એક પ્રોજેક્ટ તેમના જન્મદિવસે સાકાર થશે. પીએમ નરેન્દ્ર મોદીનાં ડ્રીમ પ્રોજેક્ટ એવો અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ રુટને આગામી તા. ૧૬ સપ્ટેમ્બરના દિવસે વડાપ્રધાન મોદી દ્વારા પ્રારંભ કરાશે. અને તેમના જન્મ દિવસ એટલે કે તા. ૧૭ સપ્ટેમ્બરથી જાહેર જનતા અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલની મુસાફરી કરી શકશે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (જીએમઆરસી) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો આગામી સમયમાં તા.૧૬ સપ્ટેમ્બરના રોજથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના સેક્ટર-૧ (ચ-૨) સુધીના રુટનો આગામી તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રારંભ કરવામાં આવનાર છે. જ્યારે આગામી તા. ૧૭ મી સપ્ટેમ્બર એટલે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસથી જાહેર જનતા અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલની મુસાફરી કરી શકશે.



આ અમદાવાદના મોટેરા (નરેન્દ્ર મોદી સ્ટેડિયમ) થી ગાંધીનગરના સેક્ટર-૧ (ચ-૨) સર્કલ સુધીના રૂટમાં અમદાવાદ-ગાંધીનગરના મહત્વના સ્થળો જેવા કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકુવા સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે.

મેટ્રો રેલનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે. આ તબક્કામાં મેટ્રોની



કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં તબક્કાનો એક હિસ્સો ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે ગિફ્ટ સિટીના કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ સુવિધા મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ તબક્કો ૨૧ કિલોમીટરનો છે, જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. ત્યાર બાદ બીજા તબક્કામાં આગામી સમયમાં મેટ્રો રેલની સેવા ચ-૩, સેક્ટર-૧૧-એ, સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી વિસ્તારવામાં આવશે.